# પ્રેસ નોટ

## શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ ખાતે સૂર્ય નમસ્કાર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું

  

તારીખ: ૧૯/૦૬/૨૦૨૩

G20 ની થીમ “વસુધૈવ કુટુમ્બકમ” (એક પૃથ્વી, એક કુટુંબ, એક ભવિષ્ય) અંતર્ગત વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરેલું છે. જેમાં રાજ્ય એ તેમની ભાગીદારી સુનિશ્ચિત કરવા જુદી જુદી પ્રવૃતિઓ હાથ ધરી છે જેનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવામાં આવશે. જેથી G 20 ની શેર્ડ ફ્યુચર: યુથ ઇન ડેમોક્રેસી, ગવરનન્સ એન્ડ હેલ્થ, વેલ બીઈંગ એન્ડ સ્પોર્ટ્સ એજેંડા ફોર યુથની પ્રવૃત્તિને અનુલક્ષીને શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવ ખાતે તારીખ ૧૭મી જુન ૨૦૨૩ ના રોજ સૂર્ય નમસ્કાર સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થા ના મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પુરાણી સ્વામી કપિલજીવનદાસજીના માર્ગદર્શનથી તથા કેમ્પસ એકેડેમિક ડિરેકટર ડૉ. શૈલેષ વી. લુહાર અને શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામીનારાયણ ફાર્મસી કોલેજ, સલવાવના આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે અને ફીઝીકલ ઇન્સ્ટ્રકટર શ્રી પ્રિયંક પટેલ ના નેતૃત્વમાં સૂર્ય નમસ્કાર સેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓ અને સ્ટાફ સૂર્ય નમસ્કાર સેશન કાર્યક્રમમાં જોડાયા હતા. જેમાં ૧૨ સૂર્ય નમસ્કાર અને ૐ ના ઉચ્ચારણ કરાવ્યા હતા. યોગ ભારતની પ્રાચીન પરંપરાની અમૂલ્ય ભેટ છે. આજની આધુનિક જીવનશૈલીમાં રોગો, બીમારીઓ, ચિંતા, ટેન્શન, ગુસ્સો, હતાશ, કંટાળો જેવી ઘણી સમસ્યાઓ છે, આવી સ્થિતમાં જીવનને સ્વસ્થ રાખવા યોગ એ રામબાણ દવા છે. યોગ એ તમામ લૌકિક આધિ, વ્યાધિ અને ઉપાધિઓમાંથી મુક્ત કરે છે. યોગ અને ધ્યાનના નિયમિત અભ્યાસથી વિદ્યાર્થીઓના મનન-ચિંતનની એકાગ્રતા વધારી મન-મસ્તિષ્કના કાર્ય ને જાગૃત રાખે છે જે એકાગ્રતા અને આત્મવિશ્વાસ વધારે છે. આમ યોગએ વિદ્યાર્થી જીવનમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કાર્યક્રમ નું સંચાલન અસોસીએટ પ્રોફેસોર શ્રીમતી નેહા એસ. વડગામા અને શ્રીમતી જ્યોતિ યુ. પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમના અંતે કોલેજના આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે (યોગા ટ્રેનર) એ વિદ્યાર્થીઓને યોગના અદભૂત ફાયદાઓ વિશે માહિતી આપી હતી, અને અંતે કોલેજના આચાર્યશ્રી ડૉ. સચિન બી. નારખેડે દ્વારા આભારવિધિ વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

જે બદલ શ્રી સ્વામિનારાયણ સંસ્થાના અધ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી. બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કેમ્પસ એકેડેમિક ડિરેકટર ડૉ. શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડિરેકટર શ્રી. હિતેન બી. ઉપાધ્યાય, આચાર્યશ્રી ડો. સચિન બી. નારખેડે, શિક્ષકો અને તમામ સ્ટાફે અભાર માન્યો.